## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



ભર્ગદેવ ભટ્ટ
(૧૯૪૭) ફોન : ૨૩૨ ૪૩૨૫૩



કનૈયાલાલ આર. પટેલ
(૧૯૪૩)

# કલોલનાં વેપારી જીનની જવેલર્સ શોપમાં તસ્કરોનો હાથફેરો

## દુકાનનું તાળું તોડી ૯૩ હજારની મત્તાની દાગીનાની ઘરફોડ

કલોલ, તા.૨૬

કલોલનાં વેપારી જીન વિસ્તારમાં ગઈકાલે રાત્રિ દરમિયાન એક સોના-ચાંદીની દુકાનમાં ઘરફોડ ચોરીનો બનાવ બનવા પામ્યો હતો. જેમાં સોનાં-ચાંદીના દાગીના મળીને ૯૩,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ ચોરાયો હતો. આ બનાવ અંગે પોલીસને જાણ થતાં ડૉગ સ્કવોર્ડ અને ફીંગર પ્રિન્ટ એક્ષપર્ટ ટીમની મદદથી કલોલ સીટી પોલિસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ કલોલ શહેરનાં જુના ચોરા વિસ્તારમાં રહેતા જીતેન્દ્રભાઈ મણીલાલ ત્રિવેદીની કલોલના વેપારી જીન વિસ્તારમાં જવેલર્સ શોપ આવેલી છે. ગઈ કાલે સાંજે દુકાનને તાળાં મારીને ઘરે ગયા બાદ સવારે દુકાને પરત ફર્યા ત્યારે તેમને પોતાની દુકાનનાં તાળા તુટેલાં દેખાયા હતા. જે અંગે કલોલ સીટી પોલિસ મથકના પી.આઈ. આર.જી. ભાવસારને જાણ કરવામાં આવતાં તપાસ આરંભાઈ હતી. દુકાનમાંથી સોના-ચાંદીના સિક્કા, મૂર્તિઓ, કડાં, ઝાંઝરી અને માછલીઓ સહિત કુલ મળીને રૂ. ૯૩,૫૦૦ જેટલો મુદ્દા માલ ચોરી ઘરફોડીયા ફરાર થઈ ગયા હતા. જે અંગે કલોલ સીટી પોલિસે ડૉગ સ્કવોર્ડ અને ફીંગરપ્રિન્ટ એક્ષપર્ટ ટીમની મદદથી આ ઘરફોડ ચોરોને પકડવાનાં પ્રયાસો શરૂ કરી દીધાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા પોલિસ અને જવેલરી એસોસિએશન સાથે અનેક મીટીંગો યોજીને સલામતીનાં ભાગરૂપે પોતાની શોપ કે શો રૂમમાં સી.સી. ટીવી કેમેરા તેમજ શકય હોય તો સુરક્ષા જવાનો મુકવા તાકીદ કરી હતી. મોટા ભાગનાં જવેલરી શોપનાં માલિકોએ તકેદારી માટે કેમેરા ગોઠવવાની પણ તસ્દી લીધી ન હોવાનું જાણવા મળ્યું છે. આવી પરિસ્થિતિનો લાભ લઈ ઘરફોડ ચોરોએ ફાયદો ઉઠાવી ગઈ કાલે રાત્રે વેપારીજીનમાં ગણેશ જવેલર્સમાંથી ૯૩,૫૦૦નો મુદ્દામાલ ઉઠાવી ગયા હતાં.

# કેશુબાપા ૧૯મીએ અંબાજીથી પરિવર્તન સંદેશ યાત્રાનો આરંભ કરશે

## ૨૦ દિવસ દરમિયાન લોકોને પરિવર્તનનો સંદેશો આપશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતના વર્તમાન ભાજપ સરકારના શાસનથી ત્રસ્ત પ્રજાને મુક્ત કરાવવા માટે ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા આગામી ૧૯મી સપ્ટેમ્બરે અંબાજીથી પરિવર્તન સંદેશ અભિયાન રાજ્યમાં શરૂ કરાશે.

આજે અત્રે પત્રકારો સાથેની વાતચીતમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રજાને ગુજરાતમાં પરિવર્તન લાવવા માટેનો સંદેશો આપવા માટે આગામી ૧૯મી સપ્ટેમ્બરે ઉત્તર ગુજરાતમાં આવેલા પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતેથી પરિવર્તન સંદેશનું (યાત્રા) અભિયાન શરૂ કરવામાં આવશે અને ૨૦ દિવસ ચાલનારા આ અભિયાનમાં રાજ્યના તમામ જિલ્લાને આવરી લેવાશે.

તેમણે જણાવ્યું હતું કે ૨૭મીએ અમરેલી ખાતેથી સંમેલનો શરૂ કરવામાં આવનાર છે. જેમાં પ્રથમ સભા અમરેલી ખાતે સંબોધવામાં આવસે. ૨૯મીએ ભૂજ ખાતે સંમેલન યોજવામાં આવનાર છે. પરિવર્તન સંદેશ યાત્રા પૂર્વે ૧૭ થી વધુ તાલુકાઓમાં સંમેલનો યોજવામાં આવનાર છે.

આ સંમેલનોની સાથોસાથ ગુજરાત પરિવર્તન પાર્ટીનું સંગઠન મજબૂત બનાવવા માટે જિલ્લા તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સભ્ય નોંધણી અને સમિતિઓની રચના કરવાની ઝુંબેશ પણ હાથ ધરવામાં આવનાર છે.

## રાષ્ટ્રવાદી યુવક કોંગ્રેસ દ્વારા રેલીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

રાષ્ટ્રવાદી યુવક કોંગ્રેસ ગુજરાત પ્રદેશ દ્વારા કલોક શહેરમાં યુવા રાજનીતિ અંતર્ગત યુવાનોને રાષ્ટ્રવાદી યુવક કોંગ્રેસમાં જોડાવા માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કલોલ શહેર આંબેડકર ત્રણ રસ્તાથી પ્રસ્થાન લઈ રેલ્વે સ્ટેશનથી નીકળી ટાવર પાસે જઈને જયોતિશ્વર મહાદેવ પુરી થશે. આ રેલીને પ્રદેશ યુવા અધ્યક્ષ નરેન્દ્રસિંહ વાઘેલા પ્રસ્થાન કરાવશે. રેલીને પ્રોત્સાહન આપવા માટે પ્રદેશ મહામંત્રીશ્રી કરશનજી ઠાકોર પ્રદેશ મહામંત્રી પ્રવક્તા ડૉ. જગદીશચંદ્ર દાફડા, જગદીશ શ્રીમાળી, ચતુરજી ઠાકોર, ડૉ. ગુલામ હુસેન વગેરે હાજર રહેશે.

### એલ.કે.અડવાણી સંબોધન કરશે

## ગાંધીનગર ખાતે આજે મહિલા ચેસ મહોત્સવ

ગાંધીનગર, તા.૨૬

પાટનગર ગાંધીનગર ખાતે આવેલા મહાત્મા મદિરમાં આજે પોરે ૩.૩૦ કલાકે સ્વામી વિવેકાનંદ મહિલા ચેસ મહોત્સવનું આયોજન કરાયું છે, જેમાં ભાજપના રાષ્ટ્રીય અગ્રણી અને સાંસદ લાલકૃષ્ણ અડવાણી, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા ચેસની રમતના ગ્રાન્ડ માસ્ટર વિશ્વનાથ આનંદ ઉપસ્થિત રહેશે. ભાજપના મિડિયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે, અડવાણી આવતીકાલ તા.૨૭મીને સોમવારે ગુજરાતની એક દિવસની મુલાકાતે આવી રહ્યા છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જ્યંતિ ઉજવણીના ઉપક્રમે સ્વામી વિવેકાનંદ મહિલા ચેસ મહોત્સવ-૨૦૧૨માં અડવાણી ઉપસ્થિત રહીને પ્રેરક ઉદબોધન કરશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અડવાણી સાંજે વિમાન માર્ગે દિલ્હી જવા રવાના થશે.

આ પ્રસંગે ગુજરાતની જાણીતી મહિલા ચેસ ખેલાડી અને વુમન ઈન્ટરનેશનલ માસ્ટર ધ્યાની દવે એક સાથે ૧૫૦ મહિલા સ્પર્ધકો સાથે ચેસ રમશે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત સ્વામી વિવેકાનંદમ હિલા ચેસ મહોત્સવ-૨૦૧૨મા સામાજિક ન્યાય અને અધિકારીતા તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલા, એનઆઈઆઈટીના ચેરમેન રાજેન્દ્ર પવાર તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જહા તથા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ શ્રી વિકાસ સહાય ખાસ ઉપસ્થિત રહેશે.

## બસો બ્યાસી વણકર સમાજનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર આંબેડકર હોલ, સેક્ટર-૧૨ ખાતે આજે બસો બ્યાસી વણકર સમાજનો સન્માન સમારંભ યોજાયો હતો.

વણકર સમાજના સન્માન સમારંભમાં મંત્રી રમણલાલ વોરાના હસ્તે સમાજના ૪૮ તેજસ્વી તારલાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ વણકર સમાજની છેલ્લી પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મધુકર પરમારે કર્યુ હતું. કાર્યક્રમમાં સમાજના મોટી સંખ્યામાં ભાઈ બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ભારતની અંડર-૧૯ ક્રિકેટ ટીમને વર્લ્ડ-ચેમ્પિયન થવા બદલ નરહરિ અમીનના અભિનંદન

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પૂર્વ પ્રમુખશ્રી નરહરી અમીને જણાવ્યું છે કે ભારતની અંડર-૧૯ ક્રિકેટ ટીમ ત્રીજી વખત વર્લ્ડ ચેમ્પિયન બની છે તે બદલ કપ્તાન ઉન્મુક્ત ચંદ તથા ટીમના દરેક ખેલાડીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે. ભારતની અંડર-૧૯ ટીમને વિશ્વ-વિજય હાંસલ કરવામાં હીરા-મણી સ્કૂલના અંડર-૧૯ ટીમનો કપ્તાન શ્રી સ્મિત પટેલનો ખુબજ મહત્વનો ફાળો રહ્યો છે. શ્રી સ્મિત પટેલ સારા બેટ્સમેન ઉપરાંત ટીમના વિકેટ-કીપર તરીકેની ફરજ પણ બજાવે છે. શ્રી સ્મિત પટેલે પોતાની કારકિર્દીની શરૂઆત હીરામણી સ્કૂલના અંડર-૧૬ તથા અંડર-૧૯ ના ખેલાડી તરીકે કરી હતી. આ દરમ્યાન હીરમાણી સ્કૂલના કપ્તાન તરીકે તેમને ૨૫ થી વધુ શતક ફટકારેલ છે જેમાં ૧ બેવડી સદી પણ શામેલ છે. શ્રી નરહરિ અમીને વધુમાં જણાવ્યું હતું કે હીરામણી સ્કૂલના ટ્રસ્ટી શ્રી રાજેન્દ્ર ટીકમાણી તેમજ શાળા તરફથી શ્રી સ્મિત પટેલને રૂ. ૫ લાખનો ચેક આપી હીરમાણી સ્કૂલમાં તેમનું સન્માન કરવામાં આવશે. હીરામણી સ્કૂલનું ગૌરવ વધારવા બદલ શ્રી સ્મિત પટેલને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવે છે.

વિશ્વ વિજેતા ભારતીય અંડર-૧૯ ટીમના ૨ ખેલાડી શ્રી સ્મિત પટેલ અને શ્રી ઋષ કાલરીયાએ અમદાવાદ શહેર અને ગુજરાતને વિશ્વમાં જે ગૌરવ અપાવ્યું છે તે બદલ આ બંને ખેલાડીઓને ખુબ ખુબ અભિનંદન તેમજ આવનારા દિવસોમાં તેમની મેહનત અને લગનથી તેઓ ભારતીય ટીમમાં પણ સ્થાન મેળવે તેવી શુભેચ્છા પાઠવું છું.

**કાંકરેજ તાલુકાના બુકોલી ગામથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાંથી બનાસ નદીમાં પાણી નંખાવા ગયેલા કાંકરેજના ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ તથા ભાજપના કાર્યકર્તાઓને નિરાશા સાંપડી હતી અને વિલામોઢે પાછા ફરવાનો વારો આવ્યો હતો. બનાસ નદીમાં નર્મદાનું નીર આવતા હજુ ચાર મહિનાનો સમય લાગશે તેમ નાયબ કાર્યપાલક ઈજનેરે જણાવ્યું હતું. (હેમુભા વાઘેલા, કાંકરેજ)**



## ગોતા આરોગ્ય મેળાની મુલાકાત લેતા મહેસુલ મંત્રી આનંદીબહેન પટેલ

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આયોજિત ૨૧મો મહિલા બાળ આરોગ્ય મેળો ગોતા ખાતે યોજાયો હતો. મહેસૂલ મંત્રીશ્રી આનંદીબહેન પટેલે ગોતા હાઉસીંગ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા આરોગ્ય મેળાની મુલાકાત લઈ લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી. સ્ત્રી રોગોને પેપ્સમેરીન ટેસ્ટ, થેલેસેમીયા, કુપોષિત બાળકોને વિના મૂલ્યે નિદાન અને નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો લાભ ૧૧૫૪ લાભાર્થીઓએ મેળવ્યો હતો.

પ્રભારી મંત્રીશ્રી સાથે આરોગ્ય મેળામાં ડે. મેયર દર્શનાબેન વાઘેલા, કોર્પોરેશનના શ્રી ભૂપેન્દ્ર પટેલ, શ્રી ભૂપેન્દ્ર શાહ, રશ્મિ શાહ, ડૉ. જતિન પટેલ, ડૉ. અનિલભાઈ પટેલ તેમજ ગોતા, થલતેજ, ઘાટલોડિયા, બોડકદેવ, જોધપુર વોર્ડના કાઉન્સીલરશ્રીઓ લાભાર્થીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતાં.

## રોટરી કલબ કલોલ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

કલોલ, તા.૨૬

રોટરી કલબ કલોલ (કલોલ રાઉન્ડ ટાઉન) ઓફીસીયલ કલબ વિઝીટ નિમિત્તે આવેલ ડીસ્ટ્રીકટ ગવર્નર, રોટેરીયન આશિષ દેસાઈ આસી. ગવર્નર રોટેરીયન અમૃતભાઈ પ્રજાપતિ, કલબ પ્રેસીડેન્ટ રોટે. પિયુષ જોષી સેક્રેટરી હિરેન પટેલ દ્વારા કલોલ ખાતે ખાખરીયા છાસઠ કેળવણી મંડળના કાર્યાલય ખાતે તા. ૧૮-૮-૧૨ને શનિવારે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખશ્રી અમૃતભાઈ પ્રજાપતિ, મહામંત્રીશ્રી બળદેવભાઈ એમ. પ્રજાપતિ ખાખરિયા પ્રજાપતિ સમાજના મેને. ટ્રસ્ટી શ્રી ગોવિંદલાલ દલવાડી, શ્રી છનાલાલ પ્રજાપતિ, શ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિ, જગદીશભાઈ પ્રજાપતિ તથા ગાંધીનગર પ્રજાપતિ સમાજના પ્રમુખશ્રી પોપટલાલ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે ડીસ્ટ્રીકટ ગવર્નરશ્રી આશિષ દેસાઈએ રોટરી કલબ દ્વારા કલોલમાં વૃક્ષારોપણ અને તેના સંવર્ધન માટે કટીબધ્ધ બનવા સૌને હાકલ કરી. આ પ્રસંગે મોટી સંખ્યામાં રોટરી કલબના સભ્યશ્રીઓ તથા પ્રજાપતિ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા.

## શબ્દાવલી - ૪૮૨૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | ■ | ૩ | ૪ |
| | ■ | ■ | | ■ | ૫ | ■ | |
| ૬ | | ૭ | ■ | ૮ | | | |
| | ■ | ૯ | ૧૦ | | | ■ | ■ |
| ■ | ૧૧ | | | ■ | | ૧૨ | |
| ૧૩ | | | ■ | ૧૪ | | | ■ |
| ૧૫ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ |
| | ■ | ૧૯ | | | ■ | ૨૦ | |

**આડી ચાવી**

૧. એક પછી એક વારા પ્રમાણે (૫)
૩. એક હિંસક પ્રાણી (૨)
૬. વાહન ચલાવવા પેટ્રોલ ગેસ કે... પુરાવવું પડે (૩)
૮. મેથીપાક, માર (૪)
૯. મકાઈની ધાણી (૪)
૧૧. ... કાઢી નાખવું, મારી નાખવું (૩)
૧૨. ભમરો (સંસ્કૃત) (૨)
૧૩. વાવવાની ક્રિયા થાય તે (૩)
૧૪. પથ્થર (૩)
૧૫. વટ વૃક્ષ (૨)
૧૬. ભૂલ, કસૂર (હિન્દી) (૨)
૧૭. આબુ પર્વત પરનું પ્રખ્યાત સરોવર (૨)
૧૯. લખવા માટે વપરાતા પત્ર (૩)
૨૦. જડી, મળવું તે (૨)

**ઊભી ચાવી**

૧. ખૂબ વાતો કર્યા કરે છે તેવું (૪)
૨. ધૂળના કણો (૨)
૪. ગ્રાહક, ખરીદી કરવા આવનાર વ્યક્તિ (૩)
૫. ઈમારત, બંગલો (૩)
૭. લસરપટ્ટી (૪)
૮. પાયો, કપડાં ધોકાવવા માટેનું લાકડું (૨)
૧૦. ઘડી, પલ (૨)
૧૧. શ્રવણે મા-બાપને... મા બેસાડી જાત્રા કરાવી (૩)
૧૨. નમે નહિ તેવું (૪)
૧૩. સમાચાર, સગડ (૩)
૧૪. પૃથ્વીનું બહું ઊંચુ તળ (૩)
૧૬. પક્ષી, પંખી (૨)
૧૮. દિવાલમાં કોઈ વસ્તુ ટીંગાડવા લગાડાતી લોખંડની કીલ

### શબ્દાવલી ૪૮૨૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઓજસ (૪) કવિયત્રી (૭) ડરામણુ (૮) કાકડી (૯) સંરક્ષણ (૧૦) ખાપણ (૧૧) પાકટ (૧૩) સળ (૧૫) નકટુ (૧૬) અચરજ (૧૭) વેપલો (૧૮) મહાણ (૧૯) રીલ

**ઊભી ચાવી :-** (૧) ઓડકાર (૨) જરાક (૩) સમડી (૫) વિતરણ (૬) ત્રિકોણ (૯) સંપ (૧૦) ખાટ (૧૧) પાક (૧૨) કટૂવેણ (૧૩) સરકારી (૧૪) બજ (૧૫) નરમ (૧૬) અલોપ

## હિંમતનગર તાલુકાની પ્રેમપુર હાઈસ્કૂલનું ગૌરવ

હિંમતનગર, તા. ૨૬

પંચશક્તિ વક્તૃત્વ/ લેખિત સ્પર્ધા તાજેતરમાં હિંમતનગર તાલુકાના પ્રેમપુર ગામની શંકરલાલ હરગોવિંદભાઈ ઠાકર હાઈસ્કૂલમાં યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ નોડલ કક્ષાની પંચશક્તિ વક્તૃત્વ/લેખિત સ્પર્ધામાં પ્રેમપુરની શંકરલાલ હરગોવિંદભાઈ હાઈસ્કૂલના બે વિદ્યાર્થીઓ અનુક્રમે ચેનવા રાજુભાઈ તથા જૈમીન પટેલ પ્રથમ નંબરે વિજેતા બન્યા હતા. બંને વિદ્યાર્થીઓ હવે જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે જશે. આ સંસ્થાને ધોરણ-૧૦ અને ૧૨માં બોર્ડના સારા પરિણામ બદલ મુખ્યમંત્રીના કન્યા કેળવણી નિધિફંડમાંથી રૂ. ૧૧,૦૦૦ પ્રોત્સાહન ઈનામ મળ્યું હતું. પ્રેમપુર કેળવણી મંડળના આચાર્ય એ.એસ. મહેતા તથા શિક્ષકગણે આ સિદ્ધિ બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ધનસુરાના બિસ્માર માર્ગોથી રહિશો પરેશાન

ધનસુરા, તા. ૨૬

ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા ગટર યોજના અંતર્ગત ધનસુરાની વિવિધ સોસાયટીઓ તેમજ જાહેરમાર્ગો પર પાઈપો નાંખવાની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ કોન્ટ્રાક્ટર અને ગ્રામ પંચાયતની બેદરકારીને કારણે જ્યાં ખાડા ખોદવામાં આવ્યા હતા ત્યાં પુરણકામ સરખુ ન થતા રાહદારીઓ અને રહિશો ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અને તાત્કાલિક આ મામલે ગ્રામ પંચાયત યોગ્ય પગલા લઈ માર્ગો રિપેર કરાવે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

સરકાર દ્વારા ધનસુરામાં ગટરયોજના માટે રૂ. ૧૨ કરોડ મંજુર કર્યા હતા. ગ્રામ પંચાયત દ્વારા ગટર યોજનાનું ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી. કોન્ટ્રાક્ટરને કામ મળતા તેણે મનસ્વી રીતે કામ ચોમાસામાં શરૂ કર્યુ હતુ. ચોમાસામાં ખાડા ખોટી પુરવાનું કામ આડેધડ થતાં રોડ અસ્તવ્યસ્ત બની ગયા છે. માટીના ઢગલા ખડકાતા વરસાદને કારણે ઠેરઠેર ગંદકીથી રોગચાળો ફેલાવાનો ભય છે. રાહદારીઓને ચાલવું મુશ્કેલ બની ગયું છે. આજુબાજુની સોસાયટીના રહિશોએ ધનસુરા પંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલ સમક્ષ પણ આ મામલે ઉગ્ર રોષ ઠાલવ્યો છે. અંકુર સોસાયટીના નવનીતભાઈએ જણાવ્યું છે કે સોસાયટીઓમાંથી ગંદકી દૂર કરવામાં નહિ આવે તો રહિશો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## હિંમતનગર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સેમિનાર યોજાયો

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે એસ.એસ. મહેતા આર્ટસ એન્ડ એમ.એમ. પટેલ કોમર્સ કોલેજ ખાતે ત્રિદિવસીય સંશોધન ગુણવત્તા સુધારણા તથા કે.સી.જી. સેમિનાર યોજાયો હતો. જેમાં ૧૨૬ અધ્યાપક મિત્રો જોડાયા હતા.

હિંમતનગર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં આયોજીત આ કાર્યક્રમના પ્રારંભે યજમાન કોલેજના આચાર્ય ડૉ. વી.એન. રાવલે સ્વાગત પ્રવચન કર્યુ હતુ. જ્યારે ડીસ્ટ્રીક્ટ કોઓર્ડીનેટર સમીર પરીખ, ડૉ. વેદાંત પંડ્યા સંસ્થાના પ્રમુખ નાથાભાઈ પટેલે પ્રસંગને અનુરૂપ પ્રવચન કર્યા હતા જ્યારે એન.એસ. પટેલે ત્રિદિવસીય કાર્યક્રમનો અહેવાલ રજૂ કર્યો હતો. અંતે ઉપસ્થિત આચાર્યો તથા કોઓડીનેટરોએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

### ગુજરાતનો ઝળહળતો વિકાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ અછતના, આપત્તિના અવસરમાં જળસંચયના ડેમો, ચેકડેમોના તળાવો ડિસીલ્ટીંગના કામો ઉપાડ્યા છે.

કોંગ્રેસને ફરીથી લલકાર કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે આવો વિકાસની સ્પર્ધા ગુજરાત સાથે કરો. જૂઠાણા બંધ કરો. કેન્દ્રની કોંગ્રેસ સરકારને દેશની, લોકશાહીની સંસદીય પદ્ધતિથી ચિંતા કે સંવેદના નથી માત્ર સત્તા ભોગવવા દિલ્હીની ગાદી ઉપર બેઠા બેઠા ગુજરાત ઉપર જુલ્મ ગુજારવાથી જનતા સહન કરવાની નથી. જનતાનો વિશ્વાસ ઉજાગર કરવા માટે રાતદિવસ પરિશ્રમ કર્યો છે. ત્યારે ભાજપાને ગુજરાતની જનતાએ વિશ્વાસથી રાજકીય સ્થિરતા આપી છે. કોંગ્રેસ હતાશાથી પીડિત છે. પણ ગુજરાતની જનતા કોંગ્રેસને એવો બોધપાઠ આપશે કે લોકશાહીનું ગળું ઘુંટનારી કોંગ્રેસને ફગાવી દેશે. ગુજરાતને વિકાસ જોઈએ છે અને ૨૧મી સદીમાં વિકાસનો જયજયકાર ગુજરાત કરે એવું આહ્વાન તેમણે આપ્યું હતું.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયેલ મહિલા મોરચાની પ્રદેશ સ્તરની બેઠકમાં ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી, ગુજરાત રાજ્યના મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી, મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા તથા સાંસદ શ્રીમતી સ્મૃતિ ઈરાની, પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી જયશ્રીબેન પટેલ સહિત આગેવાનોએ માર્ગદર્શન કર્યુ હતું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

### હનુમાન ચાલીસા કરશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લખીને રીતસર આ પ્રકારની ધમકી આપી દીધી છે. પડતર પ્રશ્નોની માગણીને લઈને રાજ્યના ૫૦ હજાર કરતાં વધારે કર્મચારીઓ અમદાવાદના ઈન્કમટેક્સથી રેલી કાઢીને વિજય ચાર રસ્તા થઈને એજ્યુકેશન ગ્રાઉન્ડ ઉપર ગયા હતા. આ સ્થળે જાહેર સભા કરીને એવું એલાન કર્યું હતું કે છઠ્ઠા પગાર પંચના તમામ લાભો સહિતની અમારી માગણીઓ નહીં ઉકેલાય તો ૪થી સપ્ટેમ્બરે તમામ કર્મચારી પરિવારો હનુમાનજીના મંદિર જઈને હનુમાન ચાલીસાના પાઠ કરશે, ત્યારબાદ ૨૭મી સપ્ટેમ્બરે માસ સીએલ ઉપર ઉતરશે. કર્મચારીઓએ એવું નક્કી કર્યું છે કે ચૂંટણી પૂર્વે અમારા પ્રશ્નોનું સમાધાન નહીં થાય તો અમારા પરિવારો ભાજપને મત નહીં આપે, એટલું જ નહીં, એક કર્મચારી બીજા ૨૫ સગાવહાલાઓને ભાજપની વિરુદ્ધમાં મતદાન કરવાનું કહેશે.

કર્મચારીઓની રેલીને પ્રચંડ સમર્થન મળ્યું હતું. કર્મચારીઓએ ઈન્કમટેક્સ થી લઈને યુનિવર્સિટી સુધીના માર્ગ ઉપર વાહનોના ચક્કાજામ કરાવી દીધા હતા. આ રેલીમાં ૫૦ હજારથી વધારે કર્મચારીઓ હોવાનો દાવો મંડળો દ્વારા કરવામાં આવ્યો છે.

સરકાર સામે લડવા તૈયાર થયેલા રાજ્યભરના ૧૩ મહામંડળો ઉપરાંત સચિવાલય ફેડરેશનના પ્રતિનિધિઓ પણ આ રેલીમાં જોડાયા હતા. કર્મચારી મહામંડળના પ્રમુખ વિશ્નુભાઈ પટેલે કહ્યું હતું કે અમારી રેલીને સફળતા મળી છે અને અમે હવે ૪થી સપ્ટેમ્બરે હનુંમાન ચાલીસાના પાઠ કરવાના છીએ. તે પછી ૨૭મી સપ્ટેમ્બરે સાડા આઠ લાખ કર્મચારીઓ માસ સીએલ ઉપર જશે. સચિવાલય ફેડરેશને તો મુખ્યમંત્રીને કાગળ લખીને ભાજપ વિરૂદ્ધમાં મતદાન કરવાની ચીમકી પણ આપી દીધી છે.

વિશ્નુભાઈ પટેલે કહ્યુંહતુંકે કર્મચારી મંડળોની મોટી માગણી ફીક્સ પગારના વેતનદારોની છે, કે જેમને ૧૧ માસના કોન્ટ્રાક્ટમાં કામ કરવુંપડે છે. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાનું પાલન કરવા મંડળો આગ્રહી છે. શિક્ષણ વિભાગના કર્મચારીઓને સરકારી કર્મચારીઓ જેવાં ભથ્થાં આપવામાં પણ સરકાર આનાકાની કરે છે. સરકાર બાકી રહેલા કર્મચારીઓને રાહત દરના પ્લોટ પણ આપતી નથી. નિવૃત્તિ વય મર્યાદા ૬૦ વર્ષની કરવાની માગણી છે. આ તમામ માગણીઓના સંદર્ભમાં કાર્યક્રમો આપવામાં આવ્યા છે.

### મિલકત વેરો નહીં ભરે...

● ત્રીજા પાનું ચાલુ

સક્રિય નાગરિકોની એક કોર કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં સર્વશ્રી સી.આર. મોદી, ડી.એ. પટેલ, જીતેન્દ્ર સોલકી, ચંદુભાઈ પટેલ, જીતુભાઈ પુરોહિત, કાલિદાસ પટેલ, સુરેશભાઈ જોશી, એચ. એસ. પરમારનો સમાવેશ થાય છે. સભાની પહેલાં અને સભા દરમિયાન મળેલા તમામ સૂચનોને આધારે કાનૂની પરિસ્થતિનો સમાવેશ કરતાંની સાથેનો એક વિસ્તૃત મેમોરેન્ડમ બે દિવસમાં તૈયાર કરીને કોર કમિટીની તાત્કાલિક મિટીંગ બોલાવી ફરીથી ખૂબ મોટા પ્રતિનિધિ મંડળ સાથે મહાનગરપાલિકાના મેયર, કમિશનરશ્રી, શહેરી વિકાસના અગ્રસચિવશ્રી અને સંબંધિત મંત્રીશ્રીને રૂબરૂ મળીને આવેદન પત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું અને સત્તાવાળાઓના પ્રતિભાવો મળ્યા પછી ભવિષ્યના કાર્યક્રમો વિચારવાનું પણ નક્કી કરવામાં આવ્યું. સભામાં વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરુણભાઈ બુચ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પ્રશ્નની યોગ્ય સમીક્ષા કરીને ઉપયોગી માર્ગદર્શન પુરું પાડેલ હતું. સભામાં એક તબક્કે સમગ્ર ગાંધીનગરના સંબંધિત નાગરિકોએ મિલકત વેરાનો સામૂહિક બહીષ્કાર કરવાના પ્રશ્ને વિસ્ફોટક પરિસ્થિતિનું નિર્માણ કર્યું હતું અને જરૂર જણાય તો તે પ્રશ્ને ઉગ્ર આંદોલન કરવાનો પણ આગ્રહ રાખ્યો હતો, પરંતુ તે બાબતમાં સક્ષમ સત્તાવાળાઓને રૂબરૂમાં આવેદનપત્ર આપ્યા પછીથી આગામી સામાન્ય સભામાં નક્કી કરવામાં આવ્યું હતું. અંતમાં મહામંત્રીશ્રી રાજેન્દ્ર પારેખ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.